## //આંક–૧ તળે હુકમ//

(૧) સાંભળ્યા, આરોપી સામે સ્પે.પોકસો કેસ નં.૩૬/૨૦૨૪ થી ઈન્સાફી કાર્યવાહી આરોપી વિરૂદ્ધ ચાર્જ ઘડવાના સ્ટેજે તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજથી પેન્ડીંગ ચાલી આવેલ છે. ત્યારબાદ આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર ન રહેતા આરોપી વિરૂદ્ધ નોન બેલેબલ વોરંટ ઇશ્યુ કરવામાં આવેલ. જેના સંદર્ભમાં આંક–૨૦ થી રજુ આરોપી સામેનો નોન બેલેબલ વોરંટની બજવણીનો રીપોર્ટ ધ્યાને લેતા, આરોપી મરણ ગયેલ હોવાનું જાણવા મળેલ પરંતુ આરોપીનું મરણ પ્રમાણપત્ર મેળવવામાં આવેલ ન હોય, જેથી જે તે વખતે રજુ કરવામાં આવેલ ન હતુ. આજ રોજ આરોપીના વિ.વ.શ્રી દ્વારા આંક–૨૧ થી પુરસીસ રજુ કરી, આરોપી તા.૨૯/૦૩/૨૦૨૬ ના રોજ મરણ પામેલ હોવાનું જાહેર કરવામાં આવેલ અને સદર આંક–૨૧ થી રજુ પુરસીસ આપી આરોપીનો મરણનો દાખલો માર્ક–૨૧/૧ થી રજુ કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતા આરોપી નિતીષ શામજીભાઈ રાઠોડ તા.૨૯/૦૩/ ૨૦૨૬ ના રોજ પી.ડી.યુ.સીવીલ હોસ્પીટલ રાજકોટ મુકામે મરણ પામેલ છે. આરોપીનું નામ કેસનું રેકર્ડ જોતા નિતીષ શામજીભાઈ રાઠોડ તરીકે ચાલી આવેલ છે. જયારે આરોપીના મરણના પ્રમાણપત્રમાં આરોપીનું નામ નિતેશ શામજીભાઈ રાઠોડ તરીકે લખેલ છે. પરંતુ આરોપીનું આધારકાર્ડ નંબર આરોપીના માર્ક–૨૧/૧ થી રજુ મરણ પ્રમાણપત્રમાં તથા તા૦૭/૧૧/ ૨૦૨૫ ના રોજ ના આરોપીના સરનામા પુરસીસ(આંક–૧૩) સાથે રજુ આધારકાર્ડ સાથે સરખામણી કરતા આરોપીનું નામ નિતેષ શામજીભાઈ રાઠોડ તરીકે દર્શાવેલ છે અને કોર્ટ દ્વારા આરોપીની ઓળખી ખાતરી કરવામાં આવેલ છે અને આરોપીના વિ.વ.શ્રી આંક–૨૨ થી પુરસીસ આપી આરોપીનું નામ નિતેષ શામજીભાઈ રાઠોડ હોવાનું જાહેર કરેલ છે. આમ, આરોપી તા.૨૯/૦૩/૨૦૨૬ ના રોજ મરણ પામેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ હોય, આરોપી સામે હાલની ઈન્સાફી કાર્યાવાહી કાયદાકીય પ્રાવધાનો જોતા ચાલી શકે તેમ ન હોય, નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -// હુકમ //-

સ્પે. પોકસો કેસ નં.૩૬/૨૦૨૪ આથી આરોપી નિતીષ શામજીભાઇ રાઠોડ નાઓ તા.૨૯/૦૩/૨૦૨૬ ના રોજ અવસાન પામેલ હોય જેથી તેઓની સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામનો મુદ્દામાલ અપીલ સમય વિત્યાબાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૦૮મી, માંહે-જુન, સને-૨૦૨૬ ના રોજ ચુકાદો ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૬/૨૦૨૬
સ્થળ : રાજકોટ એટ ગોંડલ

**(પુષ્પા શંકરલાલ સૈની)**
સ્પે.જજ, પોકસો કોર્ટ
રાજકોટ એટ ગોંડલ
**(GJ01595)**

એડી.સેશન્સ જજ, ગોંડલ.